## સીડબોલ ફોર ગ્રીનવોલ

અરાવલી ગ્રીનવોલ, બનાસકાંઠા - 2025



Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૩૦ | જુલાઈ - ૨૦૨૫ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહજીના શુભહસ્તે આણંદમાં કરાયો ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શીલાન્યાસ, ચેરમેનશ્રી શંકરભાઈ રહ્યાં ઉપસ્થિત.**

**માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કરી બનાસ ડેરીના કાર્યોની પ્રશંસા**

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બનાસ ડેરીએ કર્યો "સીડબોલ ફોર ગ્રીનવોલ" 2025 અભિયાનનો પ્રારંભ**



# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહજીના શુભહસ્તે આણંદમાં કરાયો ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શીલાન્યાસ

**ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટીથી સમગ્ર દેશમાં નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે**

**ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટીમાંથી શિક્ષણ લેનારાઓને સહકારી ક્ષેત્રમાં નોકરી મળશે**

**'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સહકારી ક્ષેત્રને વિકાસની મુખ્યધારામાં લાવ્યા**

**ભારતના સહકાર મોડલને સશક્ત રીતે રજૂ કરવાનો દ્રષ્ટિકોણ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીએ અપનાવ્યો**

**સહકાર મંત્રાલયની સ્થાપના એ ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું**



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ તથા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ ખાતે વિશ્વની પ્રથમ "ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટી" નો શીલાન્યાસ કર્યો હતો. આ શીલાન્યાસ સમારોહમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિતિ રહ્યાં હતા. આ મહત્વાકાંક્ષી યુનિવર્સિટીની જાહેરાત કેન્દ્ર સરકારના આ વર્ષના બજેટમાં કરવામાં આવી હતી અને માત્ર ચાર મહિનામાં તેનું કામ શરૂ કરવામાં આવ્યું છે – જે તેનો ઝડપથી વિકાસ કરવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શ્રી અમિત શાહજી એ આ અવસરે જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં સહકાર ક્ષેત્રનો વ્યાપ નોંધપાત્ર રીતે વધશે. સહકારી મોડલમાં ટેક્સી સેવા અને વીમા સેવા જેવી નવી પહેલોની યોજના વચ્ચે, આવનાર સમયમાં આ ક્ષેત્ર માટે જરૂરી કુશળ અને સમર્પિત માનવ સંસાધન માટે ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટી એક મજબૂત આધારરૂપ બનશે. આ સંસ્થાન સહકાર ક્ષેત્રના વ્યાવસાયિક શિક્ષણને નવો અવાજ અને દિશા આપશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના શિલાન્યાસ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલયની સ્થાપના એ દેશના ગરીબ અને ગ્રામ્યવિસ્તારના આર્થિક ઉન્નતિ તરફનું ઐતિહાસિક પગલું છે. સહકારી ક્ષેત્રના મજબૂત ભવિષ્ય માટે કેન્દ્ર સરકારે દેશના ૧૬ અગ્રણી સહકારી નેતાઓ સાથે વિગતવાર ચર્ચાઓ યોજી અને તેમના સૂચન અમલ કર્યો છે. તેમણે કહ્યું કે સહકારી વિકાસમાં જોવા મળતી ખામીઓને ઓળખીને સરકારે તેનું વિશ્લેષણ કર્યું છે અને તેમને દુર કરવા માટે સાત મહત્વપૂર્ણ નવી પહેલો અમલમાં મૂકવામાં આવી છે. આ પહેલો સહકાર ક્ષેત્રને વધુ પારદર્શક, લોકશાહી આધારિત અને સર્વસમાવેશક બનાવવાનો દ્રઢ પ્રયાસ છે, જેનાથી સહકારી ઢાંચો વધુ મજબૂત અને લોકકલ્યાણકારી બનશે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના એ સહકારી ક્ષેત્રની તમામ ખામીઓને દૂર કરવાની એક પહેલ છે. આ યુનિવર્સિટી ૧૨૫ એકરમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે. દેશમાં ૪૦ લાખ કર્મચારીઓ અને ૮૦ લાખ બોર્ડ સભ્યો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે, જેમાં 30 કરોડ લોકો, એટલે કે દેશનો દર ચોથો વ્યક્તિ, આ ચળવળનો ભાગ છે. જોકે, સહકારી કર્મચારીઓ અને સભ્યોની તાલીમ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાનો અભાવ હતો, જે આ યુનિવર્સિટી દૂર કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ શ્રી ત્રિભુવનદાસ પટેલના યોગદાનને યાદ કરતાં જણાવ્યું કે તેમણે ૧૯૪૬માં ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના કરી હતી. જે આજે અમૂલ બ્રાન્ડ તરીકે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત બ્રાન્ડ બની છે. ૩૬ લાખ મહિલાઓ થકી રૂ. ૮૦ હજાર કરોડનો વ્યવસાય અમૂલ થકી થાય છે. આ પહેલ પોલસન્સ ડેરી દ્વારા થતાં અન્યાય સામેની લડત હતી. આ યુનિવર્સિટી ફક્ત પ્રશિક્ષિત કર્મચારીઓ જ નહીં, પરંતુ ત્રિભુવનદાસ પટેલ જેવા સમર્પિત સહકારી નેતાઓ પણ તૈયાર કરશે તેમ કહેતા શ્રી શાહે ઉમેર્યું કે, સહકારી ક્ષેત્રમાં થતી ભરતીમાં યુનિવર્સિટીમાંથી શિક્ષણ લેનારાઓને નોકરીઓ મળશે. આવું થવાથી સહકારી સંસ્થામાં ભરતીમાં લાગતા ભાઈ-ભત્રીજાવાદના આક્ષેપો દૂર થશે અને પારદર્શિતા વધશે. આ યુનિવર્સિટી ટેકનિકલ કૌશલ્ય, હિસાબની કુશળતા, વૈજ્ઞાનિક અભિગમ અને સહકારી સંસ્કારોનું શિક્ષણ આપશે. આ યુનિવર્સિટી સહકારી પ્રવૃત્તિને ગ્રામીણ અને શહેરી અર્થવ્યવસ્થાની મુખ્ય ધારા બનાવશે. તે નવીનતા, સંશોધન અને પ્રશિક્ષણને પ્રોત્સાહન આપશે, અને બે લાખ નવી સહકારી મંડળી બનાવવા સહિતની યોજનાઓને જમીન પર ઉતારશે. તેમણે દેશભરના સહકારી નિષ્ણાતોને આ યુનિવર્સિટી સાથે જોડાઈને યોગદાન આપવા આહ્વાન કર્યું હતું અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં આ




આ યુનિવર્સિટીને ત્રિભુવનદાસ પટેલનું નામ આપવાનું યથાર્થ છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજકીય પક્ષાપક્ષીથી પર ઉપર જઈને સહકારી પ્રવૃત્તિમાં તેમના યોગદાનને ધ્યાને રાખીને આ નામાભિધાન કરવામાં આવ્યું હતું. શ્રી ત્રિભુવનદાસ પટેલ જ્યારે અમૂલમાંથી નિવૃત્ત થયા ત્યારે ૬ લાખ મહિલાઓએ એક-એક રૂપિયો એકત્ર કરી રૂ. ૬ લાખની ભેટ આપી, તે ભેટને પણ તેમણે સેવાકીય પ્રવૃત્તિ માટે દાન કરી દીધી હતી. ડો. વર્ગીસ કુરિયનને તેમણે જ વિદેશમાં વધુ અભ્યાસ માટે મોકલ્યા હતા. ડો. કુરિયનનું પણ યોગદાન મહત્વનું છે.

શ્રી અમિત શાહ, શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો દ્વારા એનસીઈઆરટીના સહકારિતાના પાઠ્યપુસ્તકના બે મોડ્યુઅલનું વિમોચન કરવામાં આવ્યું હતું અને આ મોડ્યુઅલની જેમ ગુજરાતના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવા શ્રી શાહે પ્રેરક સૂચન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આજનો આંતરરાષ્ટ્રીય સહકારી દિવસના પાવન અવસરે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના નિર્માણ માટેના ખાતમુહૂર્તનો ઐતિહાસિક પ્રસંગ આણંદની ધરતી પર ઉજવાયો છે. જે ભારતના સહકારી ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ રૂપ છે. આ યુનિવર્સિટી દેશની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે સહકાર ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત કરશે. આ ઉત્કૃષ્ટ પહેલથી સહકારી ક્ષેત્રને શૈક્ષણિક, સંશોધન અને નીતિ નિર્માણના સ્તરે મજબૂત પાયાઓ મળશે, જે નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે.

આ યુનિવર્સિટીનો આરંભ એ સહકાર ક્ષેત્રના પ્રેરણાસ્રોત ત્રિભુવનદાસ પટેલને શ્રદ્ધાંજલિ સમાન છે, તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ત્રિભુવનદાસ પટેલએ 1946 માં ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકો અને ખેડૂતોને સંગઠિત કરીને સહકારી ચળવળને નવી દિશા આપી હતી. તેમના દ્રષ્ટિકોણમાંથી ઉદભવેલી આ ચળવળ આજે વૈશ્વિક ઉપક્રમ તરીકે વિકસતી જોવા મળી રહી છે. આ ઐતિહાસિક ભૂમિપૂજન સાથે દેશના સહકારી ઇતિહાસને જીવંત રાખતી નવી પેઢી તૈયાર થવા જઈ રહી છે.








મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ સમક્ષ ભારતના સહકાર મોડલને સશક્ત રીતે રજૂ કરવાનો દ્રષ્ટિકોણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અપનાવ્યો છે. તેમનું નેતૃત્વ સહકાર ક્ષેત્રે કેવળ નીતિ ઘડતર પૂરતું નહીં પરંતુ, તેના અમલીકરણ માટે પણ મજબૂત પગલાંઓ લેતું રહ્યું છે. 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે, તેમણે સહકાર ક્ષેત્રને વિકાસની મુખ્યધારા બનાવી દીધું છે.

માત્ર ચાર મહિનાની રેકોર્ડ ગતિએ યુનિવર્સિટી ભવનના ખાતમુહૂર્ત સુધી પહોંચવું એ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિ અને કાર્યક્ષમતાનું ઉદાહરણ છે, તેમ કહેતા શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ગુજરાત સરકારે આ યુનિવર્સિટી માટે ૧૨૫ એકર જમીન ફાળવી છે અને એન.ડી.ડી.બી. જેવી સહકારી સંસ્થાઓના ટેકનિકલ સહયોગથી આ યોજના વધુ વ્યાપક બનશે. ભવિષ્યમાં અહીંથી તાલીમબદ્ધ, જાણકાર અને સમર્પિત યુવા નેતૃત્વ તૈયાર થશે તેવી નેમ પણ તેમણે વ્યક્ત કરી હતી.

આ યુનિવર્સિટી વૈશ્વિક સ્તરે સહકારી અભ્યાસ, સંશોધન અને નવીનતાઓ માટે કેન્દ્રસ્થાન બનશે. નવી પેઢીને ક્લાયમેટ ચેન્જ, ડિજિટલ ઈકોનોમી અને ગ્રામ વિકાસ જેવા ક્ષેત્રે સહકાર માળખાને અનુકૂળ બનાવવા માટેનું કૌશલ્ય પણ અહીં વિકસાવવામાં આવશે. ભારતને વિકાસશીલમાંથી વિકસિત દેશ બનાવવાના અભિયાનમાં આ યુનિવર્સિટી ચાલક બળ બનશે, તેવો દ્રઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું કે, આ યુનિવર્સિટી માત્ર શૈક્ષણિક સંસ્થા નહીં, પણ સહકાર સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ બનશે. "વિરાસત ભી, વિકાસ ભી" ના વડાપ્રધાનશ્રીના મંત્રને આ યુનિવર્સિટી સાકાર કરી દેશના સહકારી મૂલ્યોને વૈશ્વિક વ્યાપ આપશે.

સહકારી ક્ષેત્ર અન્ય દેશો માટે આર્થિક પ્રવૃત્તિ હશે પણ, સહકારી પ્રવૃત્તિ આપણી પરંપરાનું જીવન દર્શન છે. એકમેકના સહકારથી આગળ વધવાની આપણી પ્રકૃત્તિ છે. ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત એ માત્ર નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેના પાયાનું સ્થાપન જ નથી પરંતુ સમગ્ર દેશના સહકાર પ્રવૃત્તિ ક્ષેત્રને નવી દ્રષ્ટિ સાથે નવા સંકલ્પ, નવી દિશા આપવાનું મહત્વનું માધ્યમ બનશે, તેમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી શ્રી કૃષ્ણ પાલ અને શ્રી મુરલીધર મોહોલ, રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, રાજ્યના સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, કેન્દ્રીય સહકાર મંત્રાલયના સચિવ ડૉ. આશિષ કુમાર ભૂટાની, ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.









# આણંદ ખાતે માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં સહકારિતા મંત્રાલયના ચોથા સ્થાપના દિવસની કરાઈ ભવ્ય ઉજવણી

6 જુલાઈ 2025ના રોજ અમૂલ ડેરી, આણંદ ખાતે સહકારિતા મંત્રાલયના ચોથા સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ વિશિષ્ટ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રાલયના માનનીય મંત્રી શ્રી અમિતભાઈ શાહજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના સાથે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, કેન્દ્ર અને રાજ્યના વરિષ્ઠ મંત્રીઓ, સાંસદો અને સમગ્ર દેશના સહકારી નેતાઓ અને આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉત્સવના ભાગરૂપે અમૂલે એક મહત્ત્વપૂર્ણ પહેલ તરીકે સરદાર પટેલ કોઓપરેટિવ ડેરી ફેડરેશન (SPCDF) લિમિટેડની શરૂઆતની જાહેરાત કરી હતી. આ નવી ફેડરેશન સમગ્ર દેશમાં ગ્રામવિસ્તારના દુધ ઉત્પાદક સહકારી મંડળીને એકમત કરવાના લક્ષ્ય સાથે મલ્ટી-સ્ટેટ મોડેલમાં કાર્ય કરશે. SPCDFના માધ્યમથી દેશભરમાં સહકારી ડેરીઓની પ્રગતિમાં નવાં પ્રાણ ફૂંકાશે અને બીજી શ્વેતક્રાંતિનું યુગારંભ થશે એવી આશા છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા અમૂલના અનેક ઢાંચાગત વિસ્તરણ કાર્યોનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું, જેમાં મોઝરેલા ચીઝ પ્લાન્ટ, આધુનિક UHT યુનિટ, ડૉ. કુરિયન ચીઝ પ્લાન્ટમાં અતિ-આધુનિક ચીઝ વેરહાઉસ, અને નવું અમૂલ ચોકલેટ પ્લાન્ટ સમાવિષ્ટ છે.

2025ને આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ અને લૌહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ વર્ષ તરીકે ઊજવતા આ પ્રસંગે, ભારતની સહકારી પરંપરાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી. શ્રી અમિત શાહજી એ જણાવ્યુ હતુ કે, "સહકાર એ માત્ર વ્યવસ્થા નહિ, પણ વિશ્વાસ છે. આ વિશ્વાસને આધારે દેશના કરોડો ખેડુતોને વિકાસની મુખ્યધારા સાથે જોડવાના છે."

અમૂલનું આ ભવ્ય આયોજન અને દ્રષ્ટિ એ ભારતના ગ્રામિણ અને દુધ ઉત્પાદક વર્ગને વધુ સશક્ત બનાવવાની દિશામાં એક મજબૂત પગથિયું સાબિત થશે. આ રીતે અમૂલ અને સહકાર મંત્રાલય સાથે મળીને "ખેડૂતશક્તિથી રાષ્ટ્રશક્તિ" ના મંત્રને આત્મસાત કરી, દેશના દૂધ ઉત્પાદકોને નવું દિશાદર્શન આપી શક્યા છે.




અમૂલ ડેરી પરિસરમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન સંબોધન દરમિયાન કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીએ સહકાર ક્ષેત્રના આગેવાનોને અપીલ કરી હતી કે તેઓ પારદર્શિતા, ટેકનોલોજીનો ઉપયોગ અને સભ્યોના હિતને પોતાની કાર્ય સંસ્કૃતિનો અભિન્ન ભાગ બનાવે, જેથી સફળતા મેળવી શકાય

તેમણે જણાવ્યું હતું કે પારદર્શિતા, ટેકનોલોજી તથા ખેડૂતો અને સહકારી સંસ્થાઓને પ્રાથમિકતા આપવી જરૂરી છે. ટેકનોલોજી વિના સહકારની સમૃદ્ધિ શક્ય નથી. તેમણે વધુમાં કહ્યું કે, પોતાના કાર્યના કેન્દ્રમાં લોકોના હિતોને રાખવું પણ ખૂબ જ આવશ્યક છે. તેમણે સહકારને આ ત્રણ સિદ્ધાંતોને પોતાની કાર્ય સંસ્કૃતિમાં આત્મસાત કરવાની અને તેને જમ્મુ-કાશમીરથી કામાખ્યા (અસમનું એક મંદિર) તથા દેશના દરેક ગામ સુધી વિસ્તૃત કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન જાહેર કરાયેલ પહેલો માટે તેમણે કહ્યું કે એમાંથી એક મજબૂત બ્રાન્ડનું નિર્માણ થશે, જેમ કે અમૂલ છે. આ પહેલોમાં ગુજરાતમાં એક મીઠાની (સોલ્ટ) સહકારી સંસ્થાની સ્થાપના પણ સમાવિષ્ટ છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ સહકાર ક્ષેત્રમાં બે લાખ પ્રાથમિક કૃષિ ઋણ સમિતિઓ (PACs)નું નોંધણીકરણ, દેશના પ્રથમ રાષ્ટ્રીય સહકારી યુનિવર્સિટી 'ત્રિભુવન'ની સ્થાપના અને ડેરી ક્ષેત્રમાં ત્રણ નવી

શ્રી અમિતભાઈ શાહજી એ સહકારી ક્ષેત્રને આગળ વધારવા માટે પાંચ 'પી' – 'પીપલ્સ' (લોકો), 'PACs' (પ્રાથમિક સહકારી સમિતિઓ), 'પ્લેટફોર્મ' (ડિજિટલ જેવી મંચ વ્યવસ્થા), 'પોલિસી' (નીતિ) અને 'પ્રોસ્પેરિટી' (સમૃદ્ધિ) અપનાવવાની સલાહ આપી. વધુમાં કહ્યું હતું કે ચાર વર્ષ પહેલાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી, જેના કારણે આ વ્યવસ્થાને નવું જીવન મળ્યું. તેમણે જણાવ્યું કે આ ચાર વર્ષમાં કેન્દ્ર સરકારે આ પાંચ 'પી'ના આધારે 60થી વધુ પહેલો શરૂ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે પ્રથમ 'પી' (પીપલ્સ)નો અર્થ એ છે કે આ પહેલોનો પ્રાથમિક લાભ દેશની જનતાને મળશે. બીજું 'પી' (PACs)નો અર્થ એ છે કે PACsના માધ્યમથી આપણે પ્રાથમિક સહકારી મંડળોને મજબૂત બનાવી રહ્યા છીએ. ત્રીજું 'પી' (પ્લેટફોર્મ)નો અર્થ છે કે આ મંચો હેઠળ વિવિધ સહકારી પ્રવૃત્તિઓની શરૂઆત કરી છે. ચોથું 'પી' (પોલિસી) એટલે નીતિ અને પાંચમું 'પી' એ છે કે માત્ર એક વ્યક્તિની નહીં પણ આખા સમાજની, ગરીબોની, મજૂરોની અને ખેડૂતોની સમૃદ્ધિ.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીએ શ્યામા પ્રસાદ મુખર્જીને તેમની જયંતિ પર શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી. તેમણે જણાવ્યું કે મુખર્જીનું બલિદાન ન હોત તો કાશ્મીર ભારતનો અભિન્ન અંગ ક્યારેય ન બન્યું હોત.

# માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કરી બનાસ ડેરીના કાર્યોની પ્રશંસા




સરહદ પર વિકાસના સંકલ્પના સૂર્યોદય સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સીમાવર્તી સુઈગામ - નડાબેટ ખાતેથી રૂ. ૩૫૮.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુર્હુત તથા લોકાર્પણ કરીને બનાસકાંઠા જિલ્લાને વિકાસની ભેટ આપી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રજાજનોને સંબોધતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વમાં અગ્રીમ હરોળમાં લાવવાનું કામ કર્યું છે. આજે દેશની સાથે ગુજરાતે પણ સર્વાંગી વિકાસ સાધ્યો છે. રાજ્ય સરકારે છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી ઘર આંગણે વિવિધ યોજનાકીય લાભો આપ્યા છે. આજે ધંધા - રોજગાર, રોડ- રસ્તા, વીજળી, પાણી, ઉદ્યોગો થકી છેવાડાના લોકોના જીવન ધોરણમાં પરિવર્તન લાવી શકાયું છે તથા નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ આવનારી પેઢીની ચિંતા કરીને "કેચ ધ રેઈન" અને "એક પેડ માઁ કે નામ" રાષ્ટ્ર વ્યાપી અભિયાન ચલાવીને ગ્લોબલ વોર્મિંગમાંથી બહાર નીકળવા માટેનો રસ્તો બતાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ દરેક જિલ્લાને ૭૫ અમૃત સરોવર બનાવવા આહવાન કર્યું હતું. આજે દરેક જિલ્લામાં ૭૫ કરતા પણ વધારે અમૃત સરોવરો બન્યા છે. કેચ ધ રેઈન અભિયાન અંતર્ગત રાજ્ય સરકારે બનાસકાંઠામાં ૫૦ હજાર રિચાર્જ કુવા બનાવવા માટે શરૂઆત કરાવી હતી, બનાસ ડેરીના સહયોગ સાથે આજે 30 હજાર જેટલા રિચાર્જ કુવા બનતા મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

> **"છેવાડાના રણ કાંઠે સરકારે પાણી પહોંચાડીને ખેડૂતોની સુખાકારી માટે કામ કર્યું**
> **ચેરમેન**
> **શ્રી શંકરભાઈ ચૌધરી"**

આ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠા જેવા સરહદી જિલ્લામાં અનેક વિકાસની ભેટ આપી છે. એક સમયનો સૂકો રણ પ્રદેશ આજે ટુરીઝમનું કેન્દ્ર બન્યું છે. છેવાડાના રણ કાંઠે સરકારે પાણી પહોંચાડીને ખેડૂતોની સુખાકારી માટે કામ કર્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં નવીન વાવ-થરાદ જિલ્લાને મંજૂરી મળી છે. સરકારે દરેક તાલુકામાં જી.આઈ.ડી.સી.ની ભેટ આપી છે જેના થકી સ્થાનિક રોજગારીમાં પણ વધારો થઈ રહ્યો છે.

તેમણે કહ્યું કે, સરકારે ડીસા - દિયોદર - લાખણી - કાંકરેજ સહિતના તાલુકાઓમાં પાઇપલાઇન તથા કેનાલ મારફત તળાવમાં પાણી પહોંચાડ્યું છે. રાજ્ય સરકારે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરી છે.

શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવ સહિતની યોજનાઓ મારફતે શિક્ષણ ક્ષેત્રે પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાનું કલંક દૂર થયું છે. આજે ગર્વ સાથે કહી શકાય છે કે, ચાલુ વર્ષે ધોરણ ૧૨ અને ૧૦ના પરિણામમાં સમગ્ર રાજ્યમાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ ક્રમાંકે રહ્યો છે.

આ પ્રસંગે ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે, સરકારશ્રીની અનેક યોજનાઓ થકી ગુજરાત આજે દેશમાં વિકાસનું રોલ મોડલ બન્યું છે. લોકોની માથાદીઠ આવકમાં વધારો થયો છે. બજેટમાં પણ અનેકગણો વધારો કરાયો છે. સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાને ૭૨૦૦ કરોડ કરતા પણ વધારે રકમ ફાળવી છે. બનાસ ડેરીના માધ્યમથી સહકાર ક્ષેત્રે પણ રોજગારીની તકો વધી છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી પ્રવીણભાઈ માળી, શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી કેશાજી ચૌહાણ, શ્રી માવજીભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા અગ્રણી શ્રી કિર્તીસિંહ વાઘેલા, શ્રી કનુભાઈ વ્યાસ સહિત સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ,પદાધિકારીઓ, બી.એસ.એફના જવાનો અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



# બનાસ ડેરીએ કર્યો "સીડબોલ ફોર ગ્રીનવોલ" 2025 અભિયાનનો પ્રારંભ

બનાસ ડેરી દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે કુદરતી સૌંદર્ય એવા પર્વતો પણ હરિયાળા બને તે અભિગમ સાથે સીડબોલ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે રીતે વર્ષ ૨૦૨૧ માં જેસોર અરાવલી રેન્જ અભિયાન, વર્ષ ૨૦૨૨ માં અંબાજી અરાવલી રેન્જ અભિયાન, વર્ષ ૨૦૨૩ માં અંબાજી અરાવલી રેન્જ અભિયાન અને ૨૦૨૪ માં કોટેશ્વર અંબાજી રેન્જ અભિયાન જેવા કાર્યક્રમોનું આયોજન કરીને પર્વતોને હરિયાળા બનાવવાના પ્રયાસો કરાયા હતા, એજ રીતે આ ચાલુ વર્ષ ૨૦૨૫ માં પણ અંબાજી માતાના પાવન સાનિધ્યમાં ચુંદડી વાળા માતાજીના પાછળનાં પર્વતીય વિસ્તારમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'અરાવલી ગ્રીનવોલ'ના વિઝનને સાકાર કરવા, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની આગેવાની હેઠળ, ૩ જુલાઈના રોજ ગબ્બર, અંબાજી ખાતે ૧ કરોડથી વધુ સીડબોલ રોપણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે સતત ૧૫ દિવસ સુધી ચાલ્યું હતું. ખેતી અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લાને 'ગ્રીન બનાસકાંઠા' બનાવવાના ઉમદા અભિગમ સાથે સતત પાંચમા વર્ષે પણ જિલ્લાના દરેક તાલુકામાંથી ટીમ બનાવીને સીડબોલનું વાવેતર કરવામાં આવ્યું.

અંબાજીના પહાડો ઉપર વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે. જેથી પહાડો ઉપર લીલોતરી ઘટી ગઈ છે. જેને લઈને પહાડો અને જંગલ વિસ્તારોમાં વધુ વૃક્ષોનું વાવેતર થઈ શકે તે માટે બનાસ ડેરી દ્વારા અનેક ગામોમાં ગામલોકોના સહયોગ દ્વારા ગાય અને ભેંસના છાણ અને કાંપવાળી માટીમાંથી સીડબોલ બનાવવામાં આવે છે. આ સીડબોલમાં અલગ-અલગ પ્રકારના વૃક્ષોના બીજ મૂકીને તેને પેક કરવામાં આવે છે, જે તમામ સીડબોલ પહાડ અને જંગલ વિસ્તારમાં અલગ-અલગ ટુકડીઓ બનાવીને તેનું વાવેતર કરવામાં આવે છે.

## છેલ્લા ચાર વર્ષમાં સીડબોલ અભિયાન થકી થયેલ હરિયાળી ક્રાંતિ

બનાસ ડેરી દ્વારા લોકભાગીદારી સાથે જેસોર અરાવલી રેન્જ અભિયાન ૨૦૨૧ માં સીડબોલ અભિયાન અંતર્ગત ૧૮ પ્રકારના અલગ અલગ બીજ સીડબોલમાં પેક કરીને ૨.૫ લાખથી વધુ સીડબોલનું વાવેતર કરવામાં આવ્યું હતું, અંબાજી અરાવલી રેન્જ અભિયાન ૨૦૨૨ અંતર્ગત ૨૦ પ્રકારના બીજ સીડબોલમાં પેક કરીને ૨૨.૫ લાખથી વધુ સીડબોલનું વાવેતર કરવામાં આવ્યું હતું, અંબાજી અરાવલી રેન્જ અભિયાન ૨૦૨૩ અંતર્ગત ૧૮ પ્રકારના અલગ અલગ બીજ સીડબોલમાં પેક કરીને ૧ કરોડથી વધુ સીડબોલનું વાવેતર કરવામાં આવ્યું હતું તેમજ છેલ્લા વર્ષે કોટેશ્વર અંબાજી રેન્જ અભિયાન ૨૦૨૪ અંતર્ગત ૨૦ પ્રકારના બીજ સીડબોલમાં પેક કરીને ૭૦ લાખથી વધુ સીડબોલનું વાવેતર કર્યુ કરવામાં આવ્યું હતું. દરવર્ષે ૩૮ થી વધુ પ્રકારના જંગલી વૃક્ષોના બીજ સીડબોલમાં પેક કરીને ડ્રોન દ્વારા ઉંચાણ વાળા વિસ્તારમાં ફેકવામાં આવે છે.





## આધુનિક ટેકનોલોજીનો સમન્વય ડ્રોનથી ઉંચા પર્વતોમાં હરિયાળીનું સપનું સાકાર

બનાસ ડેરીએ પરંપરાગત પદ્ધતિઓ સાથે ટેકનોલોજીનો સુંદર સમન્વય સાધ્યો છે. જ્યાં માનવી માટે પહોંચવું અઘરું છે એવા ઊંચા પર્વતીય અને પથ્થરાળ વિસ્તારોમાં સીડબોલ ફેંકવા માટે ડ્રોનની મદદ લેવાઈ છે. અંબાજી અને આજુબાજુના પર્વતો પર, જ્યાં પગે ચાલીને જવું મુશ્કેલ છે, ત્યાં ડ્રોન દ્વારા સીડબોલનું વાવેતર કરવામાં આવ્યું છે. ઝડપી અને વ્યાપક વનીકરણ માટે સીડબોલ ફેંકવા માટે ડ્રોનનો ઉપયોગ કરવો જરૂરી છે એટલે ડ્રોનની મદદથી સીડબોલ ફેંકવામાં આવે છે. આ નવીન પગલાથી જંગલ વિસ્તારો અને પર્વતો પર પણ વૃક્ષોનું વાવેતર કરવું શક્ય બન્યું છે અને વૃક્ષાવલિ દ્વારા સમગ્ર વિસ્તાર હરિયાળો બનાવવાનો માર્ગ મોકળો થયો છે.

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું નેતૃત્વ વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ છેલ્લા કેટલાક વર્ષોથી જે દ્રષ્ટિકોણ સાથે બનાસ ડેરીનું નેતૃત્વ કર્યું છે, તે વિકાસ સાથે પર્યાવરણના રક્ષણના દ્રષ્ટાંત બની ગયા છે. તેઓશ્રીનું માનવું છે કે, "અંબાજી માત્ર ધાર્મિક યાત્રાધામ નથી, પણ ભવિષ્યની પેઢી માટે એક હરિયાળો વારસો, ધરોહર અને સંસ્કૃતિ પણ છે." તેમના નેતૃત્વમાં આ સીડબોલ અભિયાન માત્ર વૃક્ષારોપણ સુધી મર્યાદિત નહીં રહીને પર્યાવરણ જાગૃતિ અને ટકાઉ વિકાસનું માધ્યમ બની રહ્યું છે. શક્તિપીઠ અંબાજી મંદિરનું ડેવલોપમેન્ટ વધુ થાય તેવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની આસ્થા રહી છે, તેને પરીપુર્ણ કરવાં બનાસ ડેરી તત્પર બની છે.

બનાસડેરીની આ ઝુંબેશ પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરશે. અંબાજીનાં યાત્રાધામનાં પર્વતો પર સીડબોલનાં વાવેતરથી મંદિરની આજુબાજુનો વિસ્તાર હરિયાળો અને રમણીય બનશે. યાત્રાધામની સુંદરતામાં વધારો થશે તેમજ શક્તિપીઠોની શોભા વધશે. બનાસકાંઠા જિલ્લાની અંદર બનાસ ડેરીએ સીડબોલ મહાઅભિયાન શરુ કર્યું હતું, લોકોની ભાગીદારીથી એ અભિયાન આજે વિરાટ બની ગયું છે. આ સીડબોલ મહાઅભિયાન કાર્યક્રમમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, નિયામક મંડળ, કર્મચારીઓ, દૂધ ઉત્પાદકો, પર્યાવરણ પ્રેમીઓ જોડાયા હતા.

## પત્રકાર પરિષદને સંબોધન

મીડિયા સાથે વાતચીત કરતા બનાસ ડેરીના ચેરમેન માન. શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, છેલ્લા દશકથી બનાસ ડેરીએ પર્યાવરણ સંરક્ષણ માટે લોકભાગીદારી સાથે સીડબોલ અભિયાનની શરૂઆત કરી છે. આ અભિયાનના દ્રઢ પ્રયાસોનું પરિણામ આજે સ્પષ્ટ રીતે અરાવલીની પર્વતમાળાઓમાં જોવા મળે છે. ખાસ કરીને જેસોરના પર્વતો હવે ઘટાદાર વિસ્તારમાં પરિવર્તિત થયા છે, જ્યાં હરિયાળી પથરાઈ છે અને કુદરત સોળેકળાએ ખીલી ઉઠી છે.

ચેરમેનશ્રીએ ઉલ્લેખ કર્યો કે, ત્રણ વર્ષ પહેલાં ગબ્બર તથા અંબાજી પ્રદેશના આસપાસના પર્વતોમાં પણ સીડબોલ વાવેતર કાર્યને અમલમાં મૂકવામાં આવ્યું હતું. આજે તેનું પણ સ્પષ્ટ પરિણામ રૂપે વૃક્ષોની ઉત્પત્તિ અને જંગલના વિકાસ રૂપે સાકાર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. આ અભિયાનમાં રાજ્ય સરકાર, વનવિભાગ, બનાસ ડેરી, સ્થાનિક બનાસવાસીઓ તેમજ અનેક પર્યાવરણપ્રેમી સંસ્થાઓએ ભેગા મળીને સાથ સહકાર આપ્યો છે. ખાસ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ "અરાવલી ગ્રીનવોલ" ના ઐતિહાસિક નિર્ણય અને વિઝન માટે તેમણે આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે આવનારા દિવસોમાં આ પહેલ સમગ્ર ઉત્તર ગુજરાતનાં પર્વતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે દાંતા, અંબાજી અને જેસોર જેવા પર્વતીય વિસ્તારોમાં વૃક્ષોનું વાવેતર માત્ર સ્થાનિક પર્વતો માટે નહીં, પરંતુ સમગ્ર બનાસકાંઠા, પાટણ અને અમદાવાદ જેવા વિસ્તારો માટે પણ આશીર્વાદરૂપ સાબિત થાય છે. વૃક્ષો અને વનવિસ્તારના કારણે વરસાદ વધુ આવે છે, જેનું પાણી સાબરમતી નદીમાં પ્રવાહિત થઈ સમગ્ર વિસ્તારમાં ખેતી અને પાણી પુરવઠા માટે લાભદાયી બને છે.

આ અભિયાનમાં લાખો પશુપાલકો, ખેડૂત મિત્રો, યુવાનો, વિદ્યાર્થીમિત્રો અને પર્યાવરણ માટે કાળજી રાખતા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ખાસ વાત એ છે કે બનાસ ડેરી સાથે સંકળાયેલી હજારો મહિલાઓ, માતાઓ અને બહેનો દ્વારા એક કરોડથી વધુ સીડબોલ તૈયાર કરવામાં આવ્યા છે. તેમના આ









# સમગ્ર બનાસવાસીઓને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો હરિયાળો સંદેશ




બનાસ ડેરી અને પશુપાલકોની લોકભાગીદારીથી ગબ્બર, અંબાજી ખાતે આયોજિત સીડબોલ રોપણ કાર્યક્રમ દરમિયાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પર્યાવરણ પ્રેમી મિત્રો અને બનાસવાસીઓને વૃક્ષારોપણ અને સીડબોલનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે અંબાજીના પહાડોમાં સીડબોલ વાવેતરનું કામ પ્રકૃતિ સંવર્ધનનું કામ છે, માતાજીની આરાધના કરવાનું કામ છે. ધરતી માતા માં જગદંબાનું સ્વરૂપ છે. જે રીતે આપણે માતાજીની આરધના પૂજા અર્ચના કરીને કરીએ છીએ, એ રીતે હરિયાળી ચુંદડી ઓઢાડીને માતાજીની આરાધના કરી શકાય છે અને ચુંદડી કાયમ રહે. આ કાર્યથી માતાજી રાજી થાય અને એના સંતાનોને એટલે કે આપણને આશીર્વાદ આપે.

તેમણે કહ્યું હતું કે પ્રકૃતિના માર્ગ પર ચાલવા માટે આપણે તો કીડી જેટલું નાનકડું કામ કરીએ છીએ, પરંતુ આ મહાન પર્વતો જેટલું કામ તો આ પ્રકૃતિ કરે છે.

આપણે વૃક્ષારોપણ કે સીડબોલનું વાવેતર કરીએ, પણ જો વરસાદ ન આવે તો એ વ્યર્થ જાય. પરંતુ પ્રકૃતિ વરસાદ આપે, વૃક્ષોનું જતન કરે અને સંરક્ષણ કરે છે. હૂ તો આ ક્ષણ ક્ષણ જોઈ રહ્યો છું કે આપણે જે કામ કરી રહ્યાં છીએ એ પ્રકૃતિને ગમે છે. આપણા વૃક્ષારોપણ કે સીડબોલના કાર્યોમાં પ્રકૃતિ પણ સાથ આપી રહી છે.

બનાસ ડેરીએ કરેલા સીડબોલ અભિયાનનાં પરિણામ પ્રત્યે ખુશી વ્યક્ત કરતાં ચેરમેનશ્રી એ કહ્યું હતું કે છેલ્લા પાંચ-સાત વર્ષથી બનાસકાંઠા જિલ્લામાં વરસાદ વધુ આવે છે. અષાઢી બીજ આવે એ પહેલા દાંતાનાં ડુંગરાઓમાં ૧૦ થી ૧૨ ઈંચ વરસાદ વરસી ગયો છે, એનો અર્થ એ થયો કે આપણે કરેલું કામ ફળી રહ્યું છે અને કુદરત પણ સાથ આપી રહ્યો છે. હૂ બધા બનાસવાસીઓને અભિનંદન પાઠવું છું કે તેમણે સીડબોલ અભિયાનને જનઆંદોલનમાં ફેરવીને પોતાનું આંદોલન બનાવી દીધું છે. હૂ આભાર માનું છું અને વંદન કરું છું મારી માતાઓ-બહેનોને કે જેમણે ઉનાળાની અંદર ઘરે બેઠા બેઠા સીડબોલ બનાવ્યા.



બનાસ ડેરીના અમૂલ્ય યોગદાન સંદર્ભે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે સમગ્ર ઉનાળાની ઋતુમાં બનાસકાંઠા જિલ્લાની માતાઓ અને બહેનોએ સીડબોલ બનાવવાનું સેવાકીય કાર્ય કર્યું અને બનાસ ડેરીએ પર્વતોની અંદર ઉગી શકે તેવા જંગલી રોપાના બીજ આ સીડબોલની અંદર મુકવામાં આવ્યા. હવે ૧ કરોડ કરતાં વધુ સીડબોલ તૈયાર કરવામાં આવ્યા છે. લોકભાગીદારી સાથે સતત ૧૫ દિવસ સુધી સીડબોલનું વાવેતર કરવામાં આવશે. અરાવલીની ગિરિમાળાઓને હરિયાળી કરવી એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો દ્રઢ સંકલ્પ છે.  આજે સીડબોલ અભિયાન જનઆંદોલન બની ગયું છે. છેલ્લા દશ વર્ષથી અમે બધા સાતત્યપૂર્ણ રીતે અરાવલીની પર્વતમાળાઓમાં સીડબોલનું વાવેતર કરી રહ્યાં છીએ. આજે તમે આ પર્વતો ઉપર જઈને જોશો તો ખબર પડશે કે જાણે માં જગદંબાનાં આશીર્વાદ મળ્યા હોય એવું લાગે છે, સમગ્ર વિસ્તાર હરિયાળો દેખાય છે. મૃત્યુ પહેલા આપણે જયારે જન્મ્યાં ત્યારે જેવી ધરતી હતી તેના કરતાં વધુ સારી અને સુંદર ધરતી બનાવવી જોઈએ. એ માટે વૃક્ષોનું વાવેતર, જળને જમીનમાં ઉતારવાનું અને  માટીની હેલ્થ સુધારવાનું કામ કરવું જોઈએ. આ ત્રણેય કામ એકસાથે કરી શકાય એવા છે.



વૃક્ષારોપણ અને સીડબોલ અભિયાન બનાસ ડેરીએ ચાલુ કર્યા હતા, પરંતુ આજે બનાસવાસીઓએ આ બંને અભિયાનોને ઉપાડી લીધા છે. કરોડોથી વધુ સીડબોલ બનાવીને અરાવલીના પર્વતોમાં તેનું વાવેતર કરવાનું કામ થઇ રહ્યું છે.પર્યાવરણ સંરક્ષણની દિશામાં બનાસ ડેરીએ વધુ એક કામ હાથમાં લીધું છે કે દરેક દૂધ મંડળી સુધી ફળાઉ ઝાડ અને વિવિધ રોપાઓ પહોંચાડવા. તે ઉપરાંત લોકભાગીદારી સાથે દરેક વ્યક્તિ પોતાના ખેતરના સેઢા ઉપર વૃક્ષારોપણ કરે. ગામની શાળાઓ, સ્મશાન, મંદિરો સહિતની જે સામુહિક જગ્યાઓ ઉપર છેલ્લા દશ વર્ષથી વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે તેમજ બનાસ ડેરી અન્ય પર્યાવરણ પ્રેમી સંસ્થાઓની સહભાગીદારીથી સરકારની બિનઉપયોગી જમીન ઉપર વનનું નિર્માણ કરી રહી છે, જેના સારા પરિણામ મળ્યા છે.

આપણી આંખ બંધ થઇ જાય, આ પૃથ્વી ઉપરથી આપણે જતાં રહીએ એ પહેલા આ ધરતીને હરિયાળી કરવી એ આપણી જવાબદારી છે. આ કામ આપણે સૌએ સાથે મળીને કરવું જોઈએ અને નવી પેઢીને સુકો પ્રદેશ નહિ પણ હરિયાળો પ્રદેશ આપીને આ પૃથ્વી ઉપરથી વિદાય લેવી જોઈએ. મનમાં વિચારતા હશું કે આ કામ આવતી પેઢી કરશે, આપણે શું કામ કરીએ?, તો એવું વિચારવું ન જોઈએ. આ કામ આપણે જ કરવું જોઈએ અને ભવિષ્યમાં જે પણ આવશે એ એને આગળ વધારશે. પરંતુ ભવિષ્ય ઉપર છોડીને આપણે પુરુષાર્થથી બહાર આવીએ - એવું ન કરવું જોઈએ. એટલા માટે જ વૃક્ષારોપણનું કામ જનઆંદોલન બનવું જોઈએ. દરેક વ્યક્તિ ઓક્સિજન લે છે અને વૃક્ષો તે આપે છે, માટે દરેક વ્યક્તિએ વૃક્ષારોપણમાં સહભાગી થવું જોઈએ.  આપણે સર્વે એ એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે વૃક્ષોનો આપણા ઉપર ખુબજ ઉપકાર છે, ભૂલથી પણ તેને કાપવા ન જોઈએ, તેનું સંવર્ધન કરવું જોઈએ. બાળકોમાં પણ આ શિક્ષણ આપીને તેમનામાં જાગૃતિ લાવવી જોઈએ.

આજે હજારોની સંખ્યામાં બનાસવાસીઓ પોતાના કર્મયોગી બનીને અરાવલી પર્વતોમાં સીડબોલનું વાવેતર કરી રહ્યા છે. આ કામ કરનાર લોકો સમાજ જીવનના અલગ અલગ શ્રેષ્ઠીઓ, આગેવાનો અને શાળા કોલેજના યુવાનો છે, જેમાં કોઈ સ્વાર્થ નથી, માત્ર પર્યાવરણની સેવા કરવાનો મનનો ભાવ છે. બનાસવાસીઓની



# બનાસ ડેરી દ્વારા દાણના ભાવમાં રાહત

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દ્રઢ નેતૃત્વ અને સહકારી સંકલ્પના નમ્ર પ્રતિબિંબરૂપ બનેલા નિર્ણય હેઠળ બનાસ ડેરીએ પોતાના લાખો પશુપાલક સભ્યો માટે એક બહુ મહત્વપૂર્ણ રાહત જાહેરાત કરી છે.

1 જુલાઈ 2025થી અમલમાં આવેલ નવા નિર્ણય અનુસાર, 'બનાસ દાણ'ના ભાવમાં પ્રતિ બેગ રૂ.80 નો ઘટાડો કરવામાં આવ્યો છે. હવે એક બેગ દાણ માટેનો ભાવ માત્ર રૂ.1500 રહેશે. આ ઠરાવ માત્ર ભાવ ઘટાડો નથી, પરંતુ પશુપાલક પરિવારો માટે એક વ્યાપક આર્થિક સહાયરૂપ છે. આ નિર્ણયથી બનાસ ડેરીના દુધ ઉત્પાદકોને વર્ષે અંદાજે રૂ.125 કરોડનો સીધો નાણાકીય લાભ મળશે. દાણ, જે પશુપાલનના દૈનિક ખર્ચમાં મહત્ત્વનો હિસ્સો ધરાવે છે, તેના ખર્ચમાં આવો ઘટાડો થતા, પશુપાલકોની કુલ ખર્ચ રચનામાં નોંધપાત્ર રાહત થશે. પરિણામે તેમની ઉત્પાદનની કિંમત ઘટશે અને નફાકારકતા વધશે, જે વૃદ્ધિદાયક વ્યવસાય માટે અત્યંત અનુકૂળ છે. આ નિર્ણય આપણને એ પણ બતાવે છે કે જ્યારે નેતૃત્વ સંવેદનશીલ હોય અને દ્રષ્ટિ સાફ હોય, ત્યારે સહકાર માત્ર વિચાર નથી રહેતો—એ કાયમી કલ્યાણનું શસ્ત્ર બની જાય છે.





આટલું જ નહીં, થોડા દિવસો પહેલા બનાસ ડેરીએ દૂધના ભાવમાં પણ વધારો કરીને પશુપાલકોને વધુ એક નાણાકીય રાહત આપી હતી. તે ઉપરાંત હવે દાણના ભાવ ઘટાડાનો વધુ એક પગથિયે સકારાત્મક અસર કરશે. આ બંને નિર્ણયો મળીને બનાસ ડેરીના સહકાર અને "પશુપાલક પ્રથમ" દ્રષ્ટિકોણને શ્રેષ્ઠ રીતે ઉજાગર કરે છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી હંમેશા પશુપાલક કલ્યાણને કેન્દ્રસ્થાને રાખીને નિર્ણયો લેતા આવ્યા છે. તેમના નેતૃત્વમાં બનાસ ડેરીએ માત્ર ગુજરાતમાં નહિ, પરંતુ સમગ્ર દેશમાં સહકારી દૂધ ઉદ્યોગમાં નવી દિશા દર્શાવી છે. દાણની કિંમતમાં ઘટાડો અને દૂધના ભાવમાં વધારો—બન્ને નિર્ણયોથી પશુપાલકને સીધો લાભ મળે છે, અને તે વિસ્તારના સર્વાંગી વિકાસમાં મદદ કરે છે.

આ નિર્ણયથી એ પણ સાબિત થાય છે કે બનાસ ડેરી માત્ર નફા માટે નહિ, પણ સહકાર, સંવેદના અને સભ્યસેવામાં વિશ્વાસ ધરાવતી સંસ્થા છે. તે સમય સારો હોય કે ખરાબ, બનાસ ડેરીના નિર્ણયો હંમેશા પશુપાલકોના હિત માટે હોય છે. આમ, બનાસ ડેરીએ ફરી એકવાર સાબિત કર્યું છે કે સહકારી ભાવના અને દ્રઢ નેતૃત્વ સાથે ખેડૂત અને પશુપાલકોના જીવનમાં વાસ્તવિક પરિવર્તન લાવવામાં શક્ય છે.

બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે  બનાસ ડેરીમાં નેશનલ વિમેન કમિશન (N C W) અને રાજસ્થાન કોઓપરેટિવ ડેરી ફેડરેશન (RCDF)ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી વિજયા રાહટકરજીની અધ્યક્ષતામાં અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમા ડેરી ક્ષેત્રમાં કાર્યરત મહિલાઓ અને દુધ સંઘોની સ્ત્રી પદાધિકારીઓ માટે ત્રણ દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેનશ્રી એ પ્રશિક્ષણ અને મહિલા સશક્તિકરણ સંદર્ભે ઉપસ્થિત મહિલા પશુપાલકો સાથે સંવાદ કર્યો હતો.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ હતો કે મહિલાઓને દુધ ઉત્પાદન વધારવા, સ્વચ્છતા જાળવવા, આવકમાં વધારો કરવા, અને ડેરી ઉત્પાદનોની ગુણવત્તા સુધારવા સાથે સાથે નવીનતમ ટેકનોલોજી તથા અસરકારક માર્કેટિંગ નીતિઓ વિશે જાગૃત કરવામાં આવે — જેથી તેઓ આત્મનિર્ભર અને સશક્ત બની શકે. આ ત્રિદિવસીય શીબીરનું ઉદ્ઘાટન  માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીજી, રાજસ્થાનના પશુપાલન મંત્રી શ્રી જોયારામ કુમાવતજી અને RCDFની મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી શ્રુતિ ભાર્દ્વાજ (IAS)ની ગૌરવમય ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમ ડેરી ક્ષેત્રમાં મહિલાઓના યોગદાનને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે મક્કમ પગલું સાબિત થશે - કારણ કે એક મહિલા માત્ર દુધ ઉત્પાદક નથી હોતી, પરંતુ તે માતા છે, ઉદ્યોગસાહસિક છે, નેતૃત્વ આપનારી છે અને અનેક માટે પ્રેરણારૂપ છે. જ્યારે કોઈ સ્ત્રીને સમાજમાં માન્યતા મળે, આર્થિક રીતે સ્વતંત્ર બને, માનસિક રીતે મજબૂત બને અને ડિજિટલ રીતે સજ્જ બને - ત્યારે તે માત્ર પોતાનું નહિ, પણ આખા પરિવાર અને ગામનું ભવિષ્ય બદલવાની ક્ષમતા ધરાવે છે.

"જ્યારે એક સ્ત્રી શિક્ષિત થાય છે, ત્યારે આખો સમાજ સશક્ત બને છે" - આ માત્ર કહેવત નથી રહી, આજે આ સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે.

આ કાર્યક્રમ દ્વારા બનાસ ડેરી અને NCW તથા RCDF સાથે મળીને એવા કાર્યક્રમો યોજી રહી છે. જેમાં ગ્રામિણ મહિલા દુધ ઉત્પાદકોને માત્ર જ્ઞાન નથી અપાતું, પણ તેમને માન, તક અને ઉન્નતિનો માર્ગ પણ બતાવાય છે. આ તાલીમ શિબિર માનવીય વિકાસ, સમજૂતી, ટેકનોલોજી અને આત્મનિર્ભરતા વચ્ચેના સંતુલનનું ઉત્તમ ઉદાહરણ છે, જે ભારતના ડેરી ક્ષેત્રને વધુ સશક્ત અને પ્રગતિશીલ બનાવશે — ખાસ કરીને મહિલાઓની અગત્યની ભૂમિકા સાથે.

# “ મહિલા પશુપાલકો માટે સશક્તિકરણને નવી દિશા પ્રશિક્ષણ અને મહિલા સશક્તિકરણ કાર્યક્રમનું કરાયું આયોજન ”









## બનાસ ડેરીના તળાવોમાં થયો વરસાદી પાણીનો સંગ્રહ

વિશ્વ વ્યાપક રીતે પાણીની અછત સામે લડવા માટે જ્યારે દેશ એકજૂટ પ્રયાસો કરી રહ્યો છે, ત્યારે બનાસ ડેરી એક સશક્ત ઉદાહરણ રૂપે ઉભરી આવી છે. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના “Catch the Rain – Where it Falls, When it Falls” અભિયાનથી પ્રેરિત થઈને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૃઢ નેતૃત્વમાં બનાસકાંઠાના ૧૬ તાલુકાઓમાં નવનિર્માણ, ઊંડા અને મોટા કરવામાં આવેલ કુલ ૩૧૯ તળાવો પૈકી આ ચોમાસાના શરૂઆતના દિવસોમાં જ વરસેલા વરસાદના પાણીથી અનેક તળાવો ઓવરફ્લો થયા છે. વરસાદી પાણીનો તળાવોમાં સંચય થતાં સમગ્ર વિસ્તાર પાણીદાર બની ગયો છે.





## તળાવોના સકારાત્મક પરિણામો

**ભૂગર્ભજળ સ્તરમાં વધારો:**
તળાવોમાં ભરેલું પાણી જમીનમાં ઉતરી જાય છે, જેના પરિણામે આસપાસના બોરવેલ, કૂવા અને હેન્ડપંપમાં પાણીના સ્તરમાં વધારો થયો છે.

**ખેતીને ટેકો:**
ખેડૂતોને પિયત માટે પૂરતું પાણી મળી રહ્યું છે. આથી પાકના ઉત્પાદન અને ગુણવત્તામાં સુધારો થયો છે.

**પશુપાલન માટે સહારો:**
તળાવોમાંથી પશુઓ માટે પીવાનું પાણી મળતું હોવાના કારણે પશુપાલકોને મોટી રાહત મળી છે.

**પર્યાવરણમાં સુધારો:**
તળાવોના કારણે આસપાસ લીલોતરી વધી છે, પક્ષીઓ અને અન્ય જીવજંતુઓ માટે પ્રાકૃતિક આવાસ મળ્યો છે, અને પર્યાવરણ વધુ સંતુલિત બન્યું છે.

**કુદરતી આપત્તિઓથી બચાવ:**
આ તળાવો અચાનક વરસાદમાં પૂર જેવી સ્થિતિને અટકાવે છે અને પાણીની સિસ્ટમને નિયંત્રિત કરે છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વર્ષોથી પાણી સંરક્ષણને પ્રાથમિકતા આપી છે. તેઓ માને છે કે જળ સંરક્ષણ એ માત્ર વાતાવરણ કે કુદરત માટે નહીં, પરંતુ ગ્રામ્ય અર્થતંત્ર માટેનું મૂળ છે. તેમનું નેતૃત્વ એ માનવ કલ્યાણ અને કુદરત વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેઓના અભિગમ પ્રમાણે, "પ્રત્યેક બુંદ બચાવવી તે ભવિષ્ય બચાવવાનું કામ છે." આજના સમયમાં જ્યાં ગ્રામ્ય વિસ્તારો પાણીની અછતથી પીડાતા રહ્યા છે, ત્યાં તળાવોનો આ પ્રયત્ન ગ્રામ વિકાસ માટે નવા દ્વાર ખોલે છે.

## અન્ય વિસ્તારો માટે મોડેલ

બનાસ ડેરી દ્વારા વિકસાવવામાં આવેલ આ તળાવો હવે માત્ર બનાસકાંઠા માટે નહીં, પરંતુ સમગ્ર ગુજરાત તથા દેશ માટે પણ એક મોડેલ બની શકે છે. દરેક જિલ્લા અને ગામમાં જો આવી રીતે પાણીનો વ્યય અટકાવીને તેને સાચવવામાં આવે, તો વરસાદી પાણી દેશના સમૃદ્ધ ભવિષ્યનું આધારસ્તંભ બની શકે.

તળાવો એ માત્ર પાણી જ નહીં, પણ જીવંત આશા છે – ખેતી માટે, પશુપાલન માટે, અને ગ્રામ્ય જીવન માટે. બનાસ ડેરીએ તે આશાને જીવંત બનાવવાનું કાર્ય કર્યું છે. વરસાદી પાણીનો સંગ્રહ એ ભવિષ્યમાં જીવનશૈલી સાથે સંકળાયેલ અનેક પ્રશ્નોના ઉકેલ માટે એક વિકલ્પ છે.

## ૩૧૯ તળાવો – સમૃદ્ધ જળ સંચયના સ્મારક

બનાસ ડેરીએ બનાસકાંઠાના ૧૨ તાલુકાઓમાં નવનિર્માણ અને વિસ્તરણ દ્વારા કુલ ૩૧૯ તળાવો તૈયાર કર્યા છે. આ તળાવો માત્ર માટી ખોદીને બનાવેલા ખાડા નથી, પરંતુ વૈજ્ઞાનિક રીતે આયોજન કરીને ખેડૂતો, ગ્રામજનો અને સ્થાનિક ભૂગોળની જરૂરિયાતોને અનુરૂપ આકાર અને ઊંડાણ ધરાવતા તળાવો છે.







## મહિલા પશુપાલકો સાથે આયોજિત 'સહકાર સંવાદ' કાર્યક્રમમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીનું સંબોધન

આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ નિમિત્તે ગુજરાતના અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્રી અમિત શાહે ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલી મહિલાઓ અને અન્ય કાર્યકરો સાથે "સહકાર સંવાદ" કર્યું.

શ્રી અમિત શાહે જણાવ્યું કે, આણંદ જિલ્લામાં ત્રિભુવનદાસ પટેલના નામે "ત્રિભુવન સહકાર યુનિવર્સિટી"ની સ્થાપના થવા જઈ રહી છે. તેમણે ઉમેર્યું કે સહકારી ક્ષેત્રમાં યુવા વ્યાવસાયિકો તૈયાર કરવાની કલ્પના ત્રિભુવનદાસજીની હતી અને તેમની વિચારધારાને આગળ વધારવા માટે જ આ યુનિવર્સિટી બની રહી છે. તેમણે યાદ અપાવ્યું કે સાચા અર્થમાં સહકારની સંસ્થા તૈયાર કરવાનો શ્રેય ત્રિભુવનદાસ પટેલને જાય છે. તેમના પ્રયાસોના કારણે આજે ગુજરાતમાં 36 લાખ મહિલાઓ સહકારી ડેરી ક્ષેત્રમાં જોડાઈને રૂ. 80 હજાર કરોડનો વ્યવસાય કરી રહી છે.

શ્રી શાહે કહ્યું કે જ્યારે આ યુનિવર્સિટીને ત્રિભુવનદાસજીના નામે નામાંકિત કરવાની જાહેરાત સંસદમાં થઈ ત્યારે કેટલાંક લોકોએ પ્રશ્ન ઉઠાવ્યો કે આ વ્યક્તિ કોણ છે. આ પ્રશ્ન એક રીતે યોગ્ય ન ગણાય, કારણ કે તેઓએ કદી પણ પોતાનો પ્રચાર કર્યો નહિ – માત્ર નિષ્ઠાપૂર્વક સેવા આપી છે. તેમણે કહ્યું કે વિરોધ છતાં યુનિવર્સિટીને ત્રિભુવનદાસજીના નામે નામ આપવાનું નક્કી કર્યું કારણ કે હવે તેમના કામને ઓળખ આપવાનો સમય આવી ગયો છે.

શ્રી અમિત શાહજી એ ડેરી ક્ષેત્રમાં સરકારના પરિવર્તનાત્મક પ્રયાસોની વાત કરતાં જણાવ્યું કે આગામી સમયમાં ગોબર વ્યવસ્થાપન, પશુઓના આરોગ્ય અને ખોરાકના સંચાલન તેમજ ગોબરના ઉપયોગથી આવક વધારવા પર ભાર આપવામાં આવશે. દેશના અનેક વિસ્તારોમાં નાના માધ્યમથી શરૂ થયેલા પ્રયત્નોની સમીક્ષા કરી દરેક સહકારી સંસ્થાઓ સુધી તેનો લાભ પહોંચાડવાની યોજના સરકાર બનાવી રહી છે.

આગામી વર્ષોમાં ગોબરનો ઉપયોગ સહકારી ડેરીઓમાં ઓર્ગેનિક ખાતર અને બાયોગેસ બનાવવા માટે થશે. તેમણે જણાવ્યું કે ભવિષ્યમાં એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે કે જે ગામમાં 500 દુધ ઉત્પાદક પરિવારો હશે, એમાંથી 400 પરિવારો સહકારી સંસ્થાથી જોડાશે. તેમના પશુઓનું ગોબર સંસ્થા સંભાળશે. આગામી 6 મહિના દરમિયાન આ તમામ યોજનાઓ અમલમાં આવશે.

તેઓએ ડેરી મંડળીઓને અપીલ કરી કે તેઓ પોતાની સહકારી સંસ્થાઓમાં ત્રિભુવનદાસ પટેલની તસવીર લગાવે જેથી લોકો તેમને ઓળખી શકે જેમણે ગુજરાતમાં મહિલાઓ માટે નવો દ્રષ્ટિકોણ આપ્યો. તેમણે આણંદ ખાતેની નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની સ્થાપનાની યાદ અપાવતાં કહ્યું કે આજથી શરૂ થયેલી આ ડેરી સહકારી ક્રાંતિ હવે 19 રાજ્યોમાં ફેલાઈ છે.

પેક્સ (પ્રાથમિક કૃષિ સહકારી સંસ્થાઓ) અંગે તેમણે કહ્યું કે હવે પેક્સને CSC, માઈક્રો એટીએમ, 'હર ઘર નળ', બેંક મિત્ર સહિતની 25 જેટલી સેવાઓ સાથે જોડવામાં આવી છે. પેક્સના બાયલોઝમાં સુધારાઓ થયા છે અને દેશભરની ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકોના ઇન્સ્પેક્ટરોને તાલીમ આપવામાં આવી છે. પેક્સના સભ્યોને આ બદલાવ સમજવા માટે ઇન્સ્પેક્ટરો સાથે વાતચીત કરવી જોઈએ.

તેમણે જણાવ્યું કે પેક્સ દ્વારા જન ઔષધિ કેન્દ્રો પણ ચલાવવામાં આવે છે. ગામોમાં આ કેન્દ્રો સસ્તા દરે દવાઓ આપે છે, તેથી સભ્યો અને નાગરિકોને તેની જાણકારી આપવી જરૂરી છે. શ્રી અમિતભાઈ શાહજીએ કહ્યું હતું કે જો મકાઈની ખેતી કરતા ખેડૂત NCCFના એપ પર રજિસ્ટ્રેશન કરે તો નાબાર્ડ અને NCCF તેમને કિમતી ટેકાના ભાવ પર ખરીદી શકે છે. જો બજારમાં વધુ ભાવ મળે તો ખેડૂત ત્યાં વેચાણ પણ કરી શકે છે.

પ્રાકૃતિક ખેતી અંગે તેમણે જણાવ્યું કે આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે જે આરોગ્યપ્રદ જીવન આપે છે. રાસાયણિક ખાતર વાળા અનાજથી બીપી, ડાયાબિટીસ, થાઈરોઈડ જેવી બિમારીઓ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીનું અનાજ આરોગ્ય માટે ઉત્તમ છે. તેમણે પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરી છે અને ઉત્પાદનમાં 1.5 ગણો વધારો અનુભવ્યો છે. ઉંદર, ડીડીએપી અને એમપીને બદલે હવે અળસિયા જમીનને જંતુનાશક પણ બનાવે છે અને ખાતર પણ આપે છે.

તેમણે જણાવ્યું કે કેશ ટ્રાન્સફર દ્વારા પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડેલા અનાજનો નફો સીધો ખેડૂતોના ખાતામાં જમા થશે. કેન્દ્ર સરકાર દ્વારા તેના માટે વિશિષ્ટ સહકારી સંસ્થાઓની રચના કરવામાં આવી છે.

અંતે શ્રી અમિત શાહજી એ ભાવનાત્મક રીતે જણાવ્યું કે દેશના ગૃહ મંત્રી બનવું ગૌરવની વાત છે – કારણ કે સરદાર પટેલ પણ ગૃહ મંત્રી હતા – પરંતુ જ્યારે મને સહકાર મંત્રી બનાવવામાં આવ્યો, ત્યારે મને લાગ્યું કે એના કરતા પણ વધુ મહત્વનો વિભાગ મળ્યો છે, કારણ કે આ મંત્રાલય સીધા ગ્રામ્યજન, ખેડૂતો અને પશુઓ માટે કાર્ય કરે છે.

અંતમાં તેમણે રાજસ્થાન અને ગુજરાત સરકાર સાથે મળીને ઊંટડીના દૂધના ઔષધિય ગુણો પર સંશોધન શરૂ થયાનું જણાવ્યું. ઉંટ પાલન કરનારા લોકોને યોગ્ય કિંમત મળે, એ માટે નવી યોજના રજૂ થવા જઈ રહી છે, જે ઊંટના વંશના સંરક્ષણ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે.







# “બહેન, મારો આભાર ન માનો – તમારે ગલબાભાઈનો આભાર માનવો જોઈએ” કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજી

## ‘સહકાર સંવાદ’ કાર્યક્રમમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીએ કર્યો બનાસ ડેરીની મહિલા પશુપાલક સાથે સંવાદ

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષના અનોખા અવસરે, કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં અમદાવાદ ખાતે વિશિષ્ટ કાર્યક્રમ ‘સહકાર સંવાદ’ યોજાયો હતો. આ મહત્ત્વના સંવાદમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલી મહિલા દૂધ ઉત્પાદક બહેનો તથા અન્ય કર્મયોગીઓ સાથે સહકારના મૂલ્યબોધ અને ભાવિ દિશા પર ઉંડાણપૂર્વક ચર્ચા થઈ.

આ પ્રસંગે બનાસ ડેરી સાથે જોડાયેલી અને થરાદ તાલુકાના ચાંગડા ગામની વતની, શ્રીમતી ચૌધરી નોજીબેન હિતેશભાઈએ મંડળીમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકેના પોતાના અનુભવો શેર કર્યા. તેમણે જણાવ્યું કે તેઓ દૂધ ઉત્પાદક મંડળીમાં દૈનિક દૂધના ફેટ અને એસએનએફની ગણતરી કરતા હોવા સાથે, કમ્પ્યુટરના શિક્ષણની તક પણ મંડળી દ્વારા જ મળી હતી.

નોજીબેનના આ શબ્દો સાંભળીને શ્રી અમિતભાઈ શાહજી ખૂબ જ આનંદિત થયા અને તત્કાળ ઉપસ્થિત બહેનોને તેમના માટે તાળીઓ પાડવા પ્રોત્સાહિત કર્યા. આગળની વાતચીત દરમ્યાન નોજીબેને ઉમેર્યું કે, “અગાઉ અમારાં ગામમાં માઈક્રો એ.ટી.એમ. જેવી સુવિધા ન હતી, પરંતુ આપના આગમન બાદ ચાંગડા ગામમાં માઈક્રો ATM શરૂ થયું છે, જેના લીધે ગામવાસીઓ માટે નાણાકીય વ્યવહારો સરળ બન્યા છે.”



તેઓએ વધુમાં જણાવ્યું કે, "અમારી મંડળી દરરોજ અંદાજે ૧૨,૦૦૦ લીટર દૂધ એકત્ર કરે છે અને વાર્ષિક રૂ. ૧ કરોડથી વધુનું ટર્નઓવર ધરાવે છે."

આ બાબત સાંભળતાં જ શ્રી અમિતભાઈ શાહે આશ્ચર્ય વ્યક્ત કરતાં જણાવ્યું કે, "બહારના ઘણા જિલ્લાઓમાં તો ૧૨ હજાર લીટર દૂધ પણ એકઠું થતું નથી, અને અહીં તો માત્ર એક ગામમાં એટલું દૂધ મળે છે! વાર્ષિક એક કરોડથી વધુની આવકની વાત સાચે જ બિરદાવનીય છે."

જ્યારે નોજીબેને અંતે મંત્રીશ્રીનો આભાર માન્યો, ત્યારે શ્રી અમિતભાઈ શાહજીએ ખૂબ જ સૌમ્ય અને અર્થપૂર્ણ સંવાદ આપ્યો:

"બહેન, મારો આભાર ન માનો – તમારે ગલબાભાઈનો આભાર માનવો જોઈએ. બનાસ ડેરી જેનો આજે તમે ભાગ છો, એ ગલબાભાઈની દ્રષ્ટિ અને પ્રયત્નોનું પરિણામ છે. તેમણે સહકારના માધ્યમથી દૂધ ક્ષેત્રે એક ભવ્ય ક્રાંતિ ઘડવી છે. આજે જે બનાસકાંઠાની મહિલાઓ દૂધ વેચીને કરોડો રૂપિયા કમાઈ રહી છે, તે વાત મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો માટે આશ્ચર્યજનક હશે. જેણે વર્ષો પહેલા અઠવાડિયામાં એકવાર સ્નાન કરવું પડતું થતું હતું, તે વિસ્તારમાં આજે મહિલાઓ આત્મનિર્ભર બન્યાં છે – આ ખરેખર અભિનંદનપાત્ર છે."

આ સંવાદ માત્ર નોજીબેનના જીવનનું જ નહિ, પરંતુ સમગ્ર બનાસ ડેરી પરિવારની સફળતાનું પ્રતિબિંબ છે – જેમાં મહિલા સશક્તિકરણ, ટેક્નોલોજીનો ઉપયોગ અને સહકારતત્વની શક્તિ એકસાથે જોવા મળે છે.





# એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત થરાદમાં યોજાયો ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ



લુણાવા ખાતે સામાજિક વનીકરણ વિભાગ અને પી.એન.માળી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં આયોજિત ભવ્ય કાર્યક્રમમાં ૫૧૦૦ થી પણ વધુ પર્યાવરણ પ્રેમીઓ સાથે "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરાયું તેમજ થરાદના શ્રી સચ્ચિદાનંદ વન ખાતે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓ અને ગ્રામજનો દ્વારા મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને બનાસ ડેરી દ્વારા રોપાઓનું વિતરણ પણ કરાયું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વૃક્ષો માત્ર પ્રકૃતિ નથી, તે આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને સંવેદનશીલતાનું પ્રતીક છે. માતા જેવી મમતા ધરાવતા વૃક્ષો આપણા ભવિષ્ય માટે હરિયાળો વારસો તૈયાર કરે છે.

આ અવસરે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સભાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, "લોકોને વૃક્ષો વાવવા માટે કહેવું પડે એ વાત સારી ન કહેવાય, કારણ કે વૃક્ષારોપણ કરવું એ આપણી ફરજ છે. અત્યારે મારા જેવા કેટલાય લોકો, સંસ્થાઓ, આગેવાનો વૃક્ષો વાવવા માટે લોકોને જાગૃત કરે છે અને પ્રેરણા આપે છે, એ કાંઈ નવું નથી. કારણ કે આ કામ તો વર્ષો પહેલા બીજા લોકોએ શરૂ કર્યું હતું, આપણે તો માત્ર એમના કામને આગળ વધારી રહ્યાં છીએ." તેમણે ઉમેર્યું કે "પહેલા આપણા બનાસકાંઠા જિલ્લામાં અમુક જ પ્રકારના વૃક્ષો જોવા મળતા અને વરસાદ પણ ઓછો પડતો હતો. પીવા માટેનું પાણી બીજા પ્રદેશમાંથી લાવવું પડતું હતું."

શ્રી શંકરભાઈએ તેમના વક્તવ્યમાં વિસ્તારથી ઉલ્લેખ કર્યો કે "આજે આપણે પ્રકૃતિના સંવર્ધન માટે ખિસકોલી જેટલું કામ કરીએ છીએ, આપણા પહેલા ઘણા લોકોએ કામ કર્યું છે. પહેલાના લોકો દરેક ભજન, ગીત, લોકગીત, કહેવતોમાં વૃક્ષોને જોડતા, કારણ કે તેઓ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ રાખતા અને તેનું સંવર્ધન કરતાં હતા."

ચેરમેનશ્રીએ ઋષિ-મુનિઓના દ્રષ્ટાંત આપતાં કહ્યું કે, "આપણા ઋષિમુનિઓએ દરેક ઝાડને દેવતાઓ સાથે જોડી દીધા હતા. વૈજ્ઞાનિકોએ આયુર્વેદમાં જે સંશોધનો કર્યા છે, એમાં વૃક્ષોનો અપાર મહિમા કરવામાં આવ્યો છે. આ દુનિયામાં એકપણ ઝાડ એવું નહિ હોય જેમાં ઔષધિ ન હોય."

'એક પેડ મા કે નામ' અભિયાન માત્ર પર્યાવરણ માટે નહિ, પણ ભાવિ પેઢી માટે જીવનમૂલ્યો અને સંસ્કાર વિકસાવવાનું એક સશક્ત માધ્યમ બની રહ્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણા અને સૌના ભગીરથ પ્રયાસોથી રણ પ્રદેશ બનાસ હરિયાળું બની રહ્યું છે.


દેવાધિદેવ મહાદેવની આરાધનાના પવિત્ર
'શ્રાવણ માસ' ની આપ સૌને હાર્દિક શુભકામનાઓ.
|| ૐ નમઃ શિવાય ||

વિશ્વની સૌથી મોટી ખેડૂતોની માલિકી ધરાવતી સહકારી સંસ્થા અને દેશની પ્રતિષ્ઠિત GCMMF બ્રાન્ડ આપણી 'ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' (AMUL) ના ચેરમેન તરીકે શ્રી **અશોકભાઈ બી. ચૌધરી** અને  વાઇસ ચેરમેન તરીકે **શ્રી ગોરધનભાઈ પી. ધામેલિયા**ની સર્વાનુમતે નિમણૂક થવા પર ખુબ ખુબ અભિનંદન!

અમૂલ – જે લાખો દૂધ ઉત્પાદક ખેડૂત પરિવારોની આશા અને આર્થિક સશક્તિકરણનું પ્રતિક છે – આજે તે ખેડૂતોને સાથે લઈને પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે. શ્રી અશોકભાઈ અને શ્રી ગોધનભાઈના કુશળ માર્ગદર્શન હેઠળ અમૂલ નવી ઊંચાઈઓ સર કરશે, નવો ઈતિહાસ રચશે અને ભારતીય સહકાર ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરશે એવી શુભેચ્છાઓ!







“અમે દરેક વૃક્ષને ભવિષ્યનો આશીર્વાદ માનીએ છીએ. આજે બનાસકાંઠામાં જે વૃક્ષો ઉગાડીએ છીએ તે આવતી પેઢીઓ માટે જીવનદાયિ બનશે. આ વૃક્ષારોપણ અને સીડબોલ અભિયાન આપણા માટે માત્ર પર્યાવરણ જ નહીં, પરંતુ જનજાગૃતિ અને સામૂહિક ઉત્કૃષ્ટતાનું પ્રતિક છે.”